| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૬/૦૯/૨૦૨૩ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૯૫ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૫૮૯/૨૦૨૩

**નવરંગપુરાઃ** જયમીન સુર્યકાંતભાઈ પંચાલ (ઉ.વ.૩૬)(રહે. શિખર એપાર્ટમેન્ટ ઘોડાસર) એ તા.૨૫/૦૯/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધવી છે કે નવરંગપુરા સી.જી.રોડ, સ્વસ્તીક ચાર રસ્તા પાસે એશિયા હાઉસ ખાતે "એન્ડ્રોમેડા" નામની કંપનીની ફ્રેન્ચાઇજી ધરાવી જયમીન પંચાલ નાઓ લોન સર્વિસ આપવાનુ કામ કરતા હતા. માહે જાન્યુઆરી/૨૦૨૩ થી જુલાઈ/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન એન.બી.એફ.સી. હેઠળ કામ કરતી કંપની "નિયો ગ્રોથ"ના કર્મચારી આરોપી ચિરાગ અશ્વીનકુમાર મિસ્ત્રી (રહે.શિભ પાયોનીયર, કોબા ગાંધીનગર) એ જયમીનભાઇને મળી" નક્કી કરેલ કે "નીયોગ્રોથ" કંપની દ્વારા જે લોન મંજુર થશે તે લોનની રકમ જયમીનભાઇના ડી.એસ.એ. કોડમાં ડિસ્બઝ કરશે અને તેના બદલામાં જે રકમ જયમીનભાઇને કમીશન પેટે મળશે તેમાંથી ૫૬% રકમ ચિરાગને આપવાની રહેશે". જેથી ચિરાગ મિસ્ત્રીએ "નીયોગ્રોથ" કંપની દ્વારા તેને આપેલ સત્તાનો દુરઉપયોગ કરી ખોટા કસ્ટમરોના નામ તથા ખોટા એગ્રીમેન્ટ નંબર તથા ખોટી લોનની રકમની માહીતી આપી, ચિરાગ મિસ્ત્રીએ જયમીન પંચાલના ડી.એસ.એ. કોડમાં કુલ ૫૧ કસ્ટમરની કુલ રૂપિયા ૧૩,૭૨,૨૬,૦૦૦/- ની લોન ડીસબલ થયેલ હોવાનુ "નિયો ગ્રોથ" કંપની દ્વારા ચિરાગ મિસ્ત્રીને આપવામા આવેલ ઈ-મેઈલ આઈ.ડી chirag.mistry@neogrowth.in દ્વારા જયમીન પંચાલને ઈ-મેઈલ કરી ખોટી માહિતી આપી, જયમીન પંચાલ પાસેથી કમિશન પેટે કુલ રૂપિયા ૨૫,૫૪,૮૩૨/- પોતાના બેંક એકાઉન્ટમા મેળવી લઈ, તે પેટે ફક્ત ૨,૪૫,૦૦૦/- જયમીન પંચાલને પરત કરી બાકીના રૂપિયા ૨૩,૦૯,૮૩૨/- પરત નહી કરી જયમીન પંચાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૦/૨૦૨૩**

**સરદારનગરઃ** સંજયભાઈ મહેશભાઈ હસરાજાની (રહે. જે.પી.પાર્ક, પ્રેમપ્રકાશ આશ્રમની બાજુમાં નાના ચિલોડા) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૩ ના કલાક ૩/30 થી ૪/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રૂમની ગ્રીલ તોડી ત્રણ પુરૂષો ઘરમાં પ્રવેશ કરી લોકરમાંથી સોનાની લગડી નંગ-૩, સ્માર્ટ વોચ અને રોકડ રૂપિયા ૪,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૫૬,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી.પી.વી.પટેલ ચલાવે છે.

**બોડકદેવઃ** ધૃવિલ સ/ઓ સુરેશભાઈ રામોલીયા (રહે. માનસી રેસીડેન્સી અમર જવાન સર્કલ પાસે નિકોલ રીંગ રોડ નિકોલ) એ તા.૨૫/૦૯/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૨૦/૦૯/૨૦૨૩ કલાક ૬/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ સિંધુભવન હોલની બાજુમાં આવેલ “માર્ફીલ ઓવરસીસ પ્રા.લી.” નામની કંપનીના ગોડાઉનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉનમાંથી ક્યુબા કંપનીના લોકના સિલીન્ડર નંગ-૯૮૪ કિમત રૂપિયા ૬,૯૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી. જે.જે.રાણા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૧/૨૦૨૩**

**ગાયકવાડ હવેલીઃ** દિનેશભાઇ માનાજી ઘાંચી (ઉ.વ.૩૪)(રહે.સંગાણી રેસીડન્સી કર્ણાવતી-૨ ની બાજુમા, અસલાલી હાઇ-વે નારોલ) એ તા.૨૫/૦૯/૨૦૨૩ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૯/૨૦૨૩ સવારના ૩/૦૦ થી સવારના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન જમાલપુર શાકમાર્કેટના ગેટ નંબર-૦૫ પાસે ભોયરાવાળા પાર્કિંગમા દિનેશભાઇએ પાર્ક કરેલ જ્યુપીટર ટુ વ્હિલરની ડેકીમા મુકેલ લીંબુના રોકડ રૂપિયા ૮૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**ખિસ્સામાંથી રોકડ રૂપિયા લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૨/૨૦૨૩**

**નિકોલઃ** નિકુંજભાઇ મનજીભાઈ પટેલ (ઉ.વ.૩૯)(રહે,જય જલારામ સોસાયટી શિવાલીક હોસ્પીટલ સામે બાપુનગર) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નિકોલ વિરાટનગર નેશનલ હાઈવે નંબર-૮ પાસે, રાધારમણ કોમ્પ્લેક્ષની અંદર આવેલ કર્ણાવતી ઓપરેટીવ બેંકની બહાર નિકુંજભાઇ બેંકમાં રૂપિયા જમા કરાવવા માટે ગયા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ નિકુંજભાઇ સાથે વાતચીત કરી યુક્તિ પ્રયુક્તિ દ્વારા નિકુંજભાઇની નજર ચુકવી તેમના પેંટના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૩/૨૦૨૩**

**આનંદનગરઃ** બી&બી સલુનમાં નોકરી કરતાં અને સેટેલાઇટ જોધપુર ગામ ફાલ્ગુન ટેનામેન્ટ ખાતે રહેતા તોઇતો દિલીપ થાપા (ઉ.વ.૧૯) (મુળ વતન. ક્રિષ્ના વિલેજ ડીમાપુર નાગાલેન્ડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૩ કલાક ૦૦/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે હિંચકાના કડા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઇ દેવરાજભાઇ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** રમેશભાઈ બેચરભાઈ પરમાર (ઉ.વ.૫૦) (રહે. મંસુરીની ચાલી ગુલાબનગર ચાર રસ્તા નેશનલ હેંડલુમ સામે અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૫/૦૯/૨૦૨૩ સાંજના ૬/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ ચલાવે છે.

**સરખેજઃ** મુસ્કાન વા/ઓ મોહમંદઅજીજ સૈયદ (ઉ.વ.૨૦) (રહે. આલ્ફાપાર્ક-૨ તહુરા ફલેટ પાછળ લોખંડવાલા પાર્ટી પ્લોટ આગળ ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૩ બપોરના ૨/૩૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશન શ્રી "એમ" ડિવીઝન ચલાવે છે.

**એરપોર્ટઃ** રાહુલ અમરતભાઇ પરમાર (ઉ.વ.૨૪) (રહે. રમેશદત્ત કોલોની ભીલવાસ આંબાવાડી સરદારનગર) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૨૫/૦૯/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદુભાઇ નાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી